Barcode - 99999990867576
Title - Hajar Imamni Hidayat.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 57
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 086757

# હાજર ઇમામની હિદાયત

અને

# મુનાફીકોનો દુરાગ્રહ.

| | |
|---|---|
| વિવેચક— | પ્રગટ કર્તા— |
| K. J. ચંદતેજી. | મુખતાર નાનજી. |

કિંમત ચાર આના.    જુન. ૧૯૩૭

મળવાનું ઠે૦-ધિ ઈસ્માઈલી સાહિત્ય ઉત્તેજક મંડળ,
નીશાનપાડા રોડ મુંબઈ- ૯.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૭૦૫૮

શ્રી ખોજા શાંધી પ્રીંટીંગ પ્રેસ ૧૧૩, પાલણી મહોલા મુંબઈ-૯ માં મેનેજર વલીભાઈ નાનજીએ પ્રગટ કર્તાઓ માટે છાપ્યું ને મુખતાર નાનજી સતીયાનીએ ખડક જમાત ખાના પાસે મુંબઈ નં. ૩ મધે પ્રગટ કીધું.

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૭૦૫૪ वर्गांक

पुस्तकनुं नाम રાજ્ય ઈમામની રિયાસત

विषय ૫૭૨૬:૪૨

# સત્ય આદર્શ.

માણસોમાંના મુર્ખ લોકો જલદીથી કહેશે કે, જે કેબલા ઉપર તેઓ હતા, તે કેબલા પરથી તેઓને કયા કારણે ફેરવ્યા ?

(સુરે બકર આ. ૧૦૨)

*  *  *  *  *  *

" દુઆના દુશ્મનને ઝટકો અને ફીતુરી ફતવાને ફટકો" નું પુસ્તક મી૦ એદલજી ધનજી કાબાનાં "ખોજા પંથ દર્પણ" ના આઠમા ભાગનું ખંડન અમોએ લખીને મી૦ કાબાની ઇસમાઇલીયોની બંદગી "( દુઆ ) ના વિષય પર, સાંકડી દૃષ્ટિનાં વિવેચન કરવાની રૂઢી પ્રત્યે, કા‌ ‌ભાષામાં જે જવાબ આપ્યો છે, તે પ્રત્યે ભાષાનાં કડ કપણાંનો જે દોષ દેતા હોય, તેમણે ,મી૦ કાબાનાં અન લીમિટેડ લેખોની ભાષા વાંચતાં, તે ઉપરથી ખોટો નમ્રતા અને ખરો કંટાળો, એ વ્યવહારને અનુસરી અમોએ વાપરેલી ભાષા કરતાં, અમોએ આપેલા ( દંદાશીકન )

જવાબો જેનો વગતો જવાબ મી૦ કાબા આપવાનું ગજું નહિ ધરાવના હોવાથીજ તેમના ત્યારપછીના પ્રગટ આવેલા લેખમાં કંઇપણ સીધી રીતે લખી શકતા નથી, એમ સાબીત થાય છે અને તેવીજ ગણત્રી અમોએ મજકુર જવાબ લખતી વખતે બેધડક રીતે બનાવી હતી, તે ખરી પડેલ **છે.** ત્યારે અમો, મી૦ કાબાના **નુરેહિદાયત** માસીકમાં **ઈમામ કેવો જોઇએ. ?** વાળા લખાણના તરફ અમો તેમની ખરી હકીકતો માટે, માન ધરાવતા હોવાથી. **ઈસમાઇલી ચાબુક** નાં-૩ જો. તેજ લેખનો જવાબ લખતાં ભાષાનું કડક પણું કુદરતી નીકળી જવા પામ્યું છે. ત્યારે ખરા મુદ્દાઓ જેવાને તેવાજ ઝળકતા વાંચકો જોઇને અમારી કોશેશ માટે ઈન્સાફ કરશે, છતાં **નુરેહિદાયત** નામનું માસીક. તેના બીજા અવ્યવહારૂ અને અનલીનીટેડ વાંચન વડે, પોતાના ઉભરા કાઢવાનું સાધન મી૦ કાબાએ કરી નાંખેલું હોવાથી અમો બેધડક અને વ્હેવારૂ ભાષામાં કહીશું કે, નામે **નુરેહિદાયત** કામે હીદાયતનું નુર નથી. પણ ખોજા કોમમાં. ફીતના ઉશ્કેનાર એક સળગતું પજરણું છે. અને તેથીજ નીચેની અમુલ્ય **બેત** ને બરનાં ઉદગારો મી૦ કાબા માટે નીકળે છે.

## બેત.

**જોહે અસ્લમંય બદબુનીદ,**
**ઉસ્સે નેકીકી નરખ હરગીઝ ઉમ્મીદ;**
**કાલા કવ્વા ન હોવે સુફીદ.**

આ રીતે મી૦ એદલજી ધનજી કાબાની કોશેશો. પોતાના નામ જેનાં અદબૈસરા પણા માટે પોતે નુરે હીદાયતનાં ચોથા અંકના એક લેખમાં કબુલાત આપે છે. તે મુજબનું મનહુસપણું, કામ સાથે ચીટકેલું છે. એમ જોઈ. અમો તદન સારી અને ભલી લાગણીથી દીલગીર છીએ. કે મી૦ કાબાની ચટપટ જો તે શોધ કરનાર તરીકે હોત, તો તેટલી આશાવંત ઇમાનદાર તરીકે અમો ધન્યવાદ આપતે. પરંતુ "કબુતર બા કબુતર બાજ બા બાજ" ની કહેવત મિસાલ અમારી તેવી ભલી ગણત્રામાંથી નિરાશ થવા યોગ્ય મી૦ કાબાનો અદ્રઢ અને દુરાગ્રહી નિર્ણયનાં શબ્દો છે. અને તેથી. ખુદાવંદે કરીમ એહલે બયેતના વિરૂધ્ધ પોતાનો નિર્ણય જાહેર કરનાર ખારજીયો જેવા ઇમાનદારોથી બચાવ. એમ દોઆ માગવી દુરૂસ્ત લ.ગેછે.

કારણકે, અદ્રઢ હાલતનાં મી૦ એદલજી મિત્રોની ભલી સુચનાઓ અને પોતાની પણ કોશેશો છતાં. આદિલજી થઇ નહી શકયા, એજ તેમના મગજનું નબળાપણું. અથવા ફાંકામાં પરવશ પડેલા તરીકેની સ્થીતિમાં, લેખા-

ઈ આવ્યા છે. અને તેવીજ અદ્રઢ પધ્ધતિ તેમના પ્રગટ કરેલાં પુસ્તકો ઉપરથી પરસપર વિરોધાભાસ માલુમ પડતો હોવાથી, તેમના ચુલબુલા પણા ઉપરજ પ્રસંગો પાત ચપકા કરતાં રહેવાનું તેમના માફક અમારે અમારા હકીકતી ઇસ્લામનાં ઝળકતાં સિધ્ધાંતોના ઈન્સાફ ખાતર પસંદ કરવું પડેછે. અને જેવાથી તેવો દેખાવ કરતાં મુનસફ મિઝાઝના વાંચકોના ભલા તરફજ અમારી કોશેશો નો ઇન્તેઝામ રાખીશું. કારણકે મી૦ ક.બા એક લેખમાં કબુલ કરે છે તેમ તેઓ પોતાના મનમાં ઠસેલી બાબત સિવાય બીજી કોઇ દલીલ ઉપર એતેકાદ રાખવા કરતાં ઇસ્લામનાં પવિત્ર સિધ્ધાંતો માટે તેઓ કઈ જાતનાં મક્કમ વિચાર ધરાનારા થશે. તે કલ્પી શકાતું નથી. અને અમોને કહેવા દો કે ઇસ્લામની શરૂઆતમાં એવા ફાટા બાજો ઓછા ન હોતા, કે જેઓ 'ઇમામ" શું છો અથવા જે શરતો ઈમામની શનાખ્તની છે. તેમાં પણ ડામાડોળપણાથી ભાકુતી બાબતો અથવા પોતે માનેલી બાબતો સાચીજ માનનારા હતા. ત્યારે ખરાપણાથી તે તદન ઉલટું હોય છે. અને આવા હિસાબે મી૦ કાબા દ્રઢ દુરાગ્રહી સાબેત થઇ શકયા છે. એક **અંગ્રેજના લેખમાંથી** એક ન્યાયાધીશનાં **જજમેંટમાંથી!** કે ગેરમઝહબીના ગ્રંથ માંથી (ઇસ્લામનાં મુદાઓ) નો સારો અથ કરવા મથતું તેનાં કરતાં જે પોતાનાજ ધર્મનાં બુઝુર્ગોનાં કલામોનાં

રહસ્ય તરફ તેનાં અસ્લીયાતપણુાનાં ઉંડાણ તરફ નજર નહીં નાખનાર મી૦ કાબા ઇસ્લામ કે શરીયત માટે પણ કંઇ સુચના કરવા ભેજું ધરાવતા નથી. ત્યારે પોતાનાં પાણીમાં લીટા કરવા જેવા લખાણોથી ઇસ્લામના મુળ સિધ્ધાંતો નાં તરફ વિરોધ દેખાડવાનું મી૦ કાબા ધાર-મીક સુખ પણું ધરાવે છે. એમ કહેવાં વગર રહી શકતા નથી, અને આવાજ સહાસોમાં તે **ખોજા પ્રકાશ** જેવાં અઠવાડીકથી, અને તેજ નામનાં માસીકમાંથી ઉતરતી પં-કતીએ આવ્યા પછી, સુધરેલા નામ ધારી સાહસો ત-જાતાં ધારમિક નામે **નુરે હિદાયત** નો **સાહસ** પણ, વધુ જીંદગી ભોગવે એમ માંની શકતા નથી અને વાંચણની બડાઈ ખોર પદ્ધતીથી ટુંક વખતમાં અદૃષ્ય (ગેબ) થઇ જવાનો જાહેર પુરાવો મળે છે, અને તેમનાં સળગતાં પજરણ મિસાલનું, નામનું નુરે હિદાયત હીદાયત (બોધ) નુ નુર ( મ્હેનતાણું ) નો અર્થ પર ખતમ થવા દંદા શીકન રહીયાથી, કારી હદીયા સમાન સમજીએ છીએ.

આ નાનકડા પુસ્તકની પ્રસ્તાવનામાં મી૦ કાબાનો નુરે હિદાયત નાંમનાં ચોથા અંક સુધીના લેખોનો સામટો આપવા લાયક રદીયો આપતાં એક બાબત પર લખવું. ફરજ સમજીયે છીએ તે એ છે કેઃ-

# આગાખાન લકુબનો જવાબ.

**આગાખાન લકબ** એ મથાળું ઝાંટાજોર વિચારથી લખીને "ગજા વગરનું ગધાડું ને અમદાવાદનું ભાડું" એ કહેવત મુજબ "ઇરાનની રાજદ્વારી ખટપટ અને ઇમામતનો દરજ્જો" જેવી બાબતોના પહાડ સામે મી० કાબા વેંત્યા તરીકે જે ભરડે છે, તે તરફ એક વિચારવંતને સુગ ચડ્યા વગર રહે નાહ.

ઇસ્નાઅશરી મતના ઉપાધ્યા તરીકે મી० કાબાનો દખલ ઉપાધી વ્હોરનારો છે, અને આવી લોંટા ઝોંટાની પટેલાઇમાં કાન તોડાવનાર લોંકડી મિસાલ પોતાની હાલત તરફ પણ વિચાર કરતો નથી. કારણકે ઇસ્નાઅશરી મતને પસંદ કરનારમાંના પણ મી० હાજીનાજીના વિરોધીઓમાંથી પણ થોડાક અજાણ્યાઓ કે જેના પર મી० કાબાનાં લખાણોનો મદાર છે, તે મી० કાબો, ખરેખર કાબો ( લુટારો ) આદિલજી નહિ, પણ પોતાને પણ અપ્રિય અને મનહુસ તરીકે સ્વિકારતો નામે **એદલજી** જ છે, તે નામદાર પહેલા આગાખાન **શાહ હસનઅલી શાહ** કે જેની ધારમિક તાબેદારી મી० કાબાના વડવાઓ બજાવી ગુજરી ગયા છે, તેનો ભેળસેળ નામ ધરાવતો મી० એદલજી "ઇબરત અફઝા"નાં ઇબરત (નસિહત) પકડવાને ગ બુલંદ કલામા વાંચતાં છતાંઃ—

વાંચે પણ નહિ કરે વચાર,
તે સમજે નહિ સઘળો સાર.

એ મુજબ પોતાની ગણત્રીથી કહે છે (કે જેમ ઇસ્નાઅશરી મતના મુલ્લાં, આલેમ, મુઝતહેદો પણ કહી શકે નહિ) કે, આગાખાન લકબ ઇસ્નાઅશરી બાદશાહના પ્રતાપેજ છે તથા ઇસ્નાઅશરીનું નિમક ખાઇને આગાખાન કહેવાયા છે. અને આગાખાનને છાશ ને રોટલી ઉપર રહેવાની ગરીબાઈ હતી વિગેરે.

નામદાર પહેલા આગાખાનના પોતાના હાથ મુબારકથીજ લખાએલી ઇબરત પકડવા લાયક બાબતમાંથી મી૦ કાબાએ કેવી ઇબરત પકડી છે, તે વાંચકને છુપી રહેશે નહિ અથવા મી૦ કાબાનો આ લેખ વાંચી ગયા પછી ઇબરત અફઝાનું પુસ્તક વાંચવા અમો દરેક લાગતા વળગતાઓને ફરી વાંચવા ભલામણ કરીશું અને જેઓને ઇન્સાફ પસંદ છે, તેઓ વાંચ્યા પછી મી૦ કાબા તરફ અવિવેકી અને બડાઇખોર કે ફીતનાખોરનાં લકબથી આંગળી ચીંધ્યા વગર રહેશે નહિ. છતાં થોડુંક વીવેચન કરવાની રજા માંગીએ છીએ.

૧–દુઃખ ભોગવવું અને સબ્ર કરવી એ ઇસ્લામના સરદારોનો ખાસ શણગાર છે. **હ૦ રસુલે ખુદા, હ૦ અલી, હ૦ હુસેન, હ૦ જેનુલાબ્દીન** વિગેરેનાં દુઃખ ભર્યાં વરણનો અને તેઓએ પેટ ઉપર પથ્થર

બાંધી અથવા જવના સુકા રોટલા ઉપર ગુજરાન કરી અને પાણી વગર તરફડી ને નિરગમન કરેલા સમયનો ચિતાર પહેલા આગ ખાન શાહ હુસનઅલીએ છાશ અને સુકી રોટલી ઉપર ગરીબાઇથી વીતાડેલો વખત ઇમામતના દરજ્જાની પુરવારી છે.

૨–હ૦ રસુલે ખુદાને અમીન ( વિશ્વાસુ ) નો લક્બ વિરોધી કુરેશ કોમનો હતો ! તે જોતાં ના૦ આગાખાનને આગાખાનનો લકબ ઇરાનના શાહે આપ્યાની સરખામણી કોના જેવી ગણાય ?

૩–અબ્દુલ મુતલબ, અબુ લહબ વિગેરેનાં ઘરમાં પરવશ થએલા અને નોતરાએલા હ૦ રસુલે ખુદા તથા હ૦ અલીની નિમકની ગણત્રી, ના૦ પહેલા આગાખાને ઇસ્નાઅશરી બાદશાહનું ખાધેલુ નિમક સરખાવા ભેજું વાપરો.

૪–ઇમામ હસન, અમીર માવીયા જેવા વિરોધી તરફથી તહનામું થયા પછી સાલીયાણું મેળવી ગુજરાન ચલાવતા તે હકિકત ના૦ પહેલા આગાખાન ને ઇરાનના ઇસ્નાઅશરી શાહ તરફથી મળતાં સાલીયાણાં અને કેરમાન પ્રાંત વિષે કોઇ ઇમાનદારીથી વિચારી શકતા નથી ?

આવી આવી વિશાળ બાબતોને માત્ર ઇશારા તરીકે ટુંકમાં બતાવીને મી૦ કાબાને આવા ગુમરાહીના ખ્યાલો કરતા વિવેક સહિત રોકીશું, કે કદાચ સમજે !!

આ પછી નુરે હિદાયતના અંક ત્રીજાનાં પુઠાંમાં ઇસમાઇલીગોને ( ૧૦ ) સવાલો પુછનારની વિગત દાખલ રાખી છે, તેનો જુસ્સાદાર અને ધડો લેવા જોગ ખરા જવાબો અમારા મિત્ર એ. જે. ચુનારાએ અલાહેદી બુક નામે “ **હકિકતી ઈસ્લામનો આયનો** ” છપાવી છે, તે વાંચી વિચાર કરવા ભલામણ કરીશું અને પછી નુરે હિદાયતના અંક ત્રીજાનાં પેજ ૧૬ થી ૧૮ પર સવાલ જવાબનાં મથાળાં હેઠળ ઇ૦ સ૦ ૧૯૦૫ માં કીલવામાં હાલના અમારા મુરશીદ સિરતાજ **હાજર ઇમામ ના. આગાખાન સર સુલતાન મહુમદ શાહ** જી. સી. એસ. આઇ.; એલ એલ. ડી. અને એ ચીફ ઓફ બોમ્બે પ્રેસીડન્સીની હજુરમાં “ સુલેમાન વાલજી, શરીફ નુરમહમદ, સુલેમાન ભીમજી” વિગેરેએ સવાલો પુછી જે જવાબ મેળવેલા તે, જે હાલતમાં પ્રગટ કીધા છે, તે ઉપર મુનાફીક તરીકે દુરાગ્રહથી જોનારાઓને આ પુસ્તકમાંનાં સવિસ્તર જવાબ અને ટીકા વાંચવા ભલામણ કરી, અહીં કલમ રોકીશું.

વરતેજી.

# નુરે હિદાયત અંક ૩ જો.

## પેજ ૧૬ થી ૧૮ નો ઉતારો.

## સવાલ-જવાબ.

ઇ૦ સ૦ ૧૯૦૫ ની સાલમાં નામદાર આગા સાહેબ શ્રી કીલવા ( ઇસ્ટ આફ્રીકાનું બંદર છે ) ખાતે પધાર્યા હતા ત્યારે ખોજા શરીફ નુરમાહમદ, ખોજા સુલેમાન વાલજી તથા હાજી સુલેમાન ભીમજી એમ જણ ત્રણે નામદાર આગા સાહેબને કેટલાક સવાલો પુછયા હતા. અને નામદાર આગા સાહેબે તેના જે જવાબો આપ્યા હતા તેનો ટુંકસાર નીચે પ્રમાણે ખોજા પબ્લીકની જાણ માટે આપવામાં આવે છે.

**સુલેમાન વાલજી**—હજરત અલી અ૦ ને ખુદા કહેવા કે નહિ ?

**આગા સાહેબ**—જેને મારફત છે તે ખુદા કહે તો વાંધો નથી. ને શરીઅત ઉપર ચાલે તે જો હજરત અલીને ખુદા કહેશે તો તે કાફર છે માટે તારે તમારા એતકાદ પ્રમાણે ચાલવું.

૧

**સુલેમાન વાલજી**—કેટલાકો અલી અલ્લાહ કહે છે અને કેટલાકો અલીયુન વલી યુલ્લા કહે છે તેથી મુઝાવું પડે છે. માટે મને માંરફત બતાવો.

**આગા સાહેબ**—મારફત શીખવું હોય તેણે ઇલ્મે ફીલસુફી તથા ઇલ્મે મનતક શીખવું જોઇએ અને તે શીખવું બહુ મુશકેલ છે. તેથી તમો રહેવા દો. માટે તમોને અલીયુન વલીયુલ્લા કાફી છે.

**શરીફ નુરમામદ**—આપની પાસે મ્હારી અરજ એ છે જે મને ઇમામના બારામાં શક છે. તે આપરાજી હો તો ખુલાસો કરશો.

**શરીફ નુરમામદ**—ઘણા માણસો ૧૦૦ ઇમામ કહે છે. કેટલાક ૫૦, કેટલાક ૨૦ કેટલાક ૧૦, ને કેટલાક ૫ કહે છે. કેટલાકો એમ કહે છે કે ઇમામ નથી. તો હવે આપણા મઝહબમાં કેટલા ઇમામ છે તેનો ખુલાસો આપો એટલે તે પ્રમાણે વરતીએ.

**આગા સાહેબ**—ઇમામનો અર્થ તમો સમજતા નથી. ઇમામ એટલે પેશનમાજ. નમાઝમાં આલીમ ઉભે છે તે. અથવા એક ટોળાંનો ગોવાળ, સંભાળ રાખનાર વીગેરે થાય છે.

**શરીફ નુરમામદ**—આપે કહ્યું તેમાં મને કાંઇ સમઝ પડી નહિ.

**આગા સાહેબ**—ઇમામનો નંબર નથી ને ઇમામ

દુનિયામાં કાયમ છે. ઇમામ વગર દુનીઆ ચાલે નહિ. મારી બાદ મારો છોકરો તેની બાદ તેનો છોકરો વીગેરે કાયમ સુધી ચાલે તેમાં કેમ કહી શકાય કે કેટલા ઇમામ છે? હું ઇસમાઇલ બિન જાફર સાદકથી ઉતરી આવેલ છું.

**સવાલ**—આપના દાદા મરહુમ શાહ હુસનઅલીએ કીતાબ નામે કનઝુલ મસાયલ તથા મનહાજુર રીશાદ નામે છપાવી છે તેમાં ખુદા એક, ઇમામ બાર--તેરમો ઇમામ નથી. અને કોઇ કહે તો તે કાફર છે વીગેરે લખેલું છે તેનું કેમ?

**જવાબ**—હા, તે બરાબર છે. પણ ઇરાનમાં ઇસનાઅશરીનું જોર હતું તેથી તેને કહેવામાં આવ્યું, જે કીતાબ તારે હાથે બનાવીને છપાવ તો ઠીક; નહિતર જાન જશે. માટે તકીઓ રાખી છપાવી. તો તેથી શું થયું?

**સવાલ**—ઠીક, ત્યાં તો ઇસનાઅશરીનું જોર હતું. મુસલમાની રાજ હતું. તો આપે કહ્યું તે બનવા જોગ છે પણ મુંબઇમાં આપના કાકા જહાંગીર શાહે પણ તેને લગતી કીતાબ છપાવી છે. તેમાં આપનું નામ ઉમેરી કહે છે કે, હાલના ગાદી નશીન મહમદ સુલતાનનો એતે કાદ ઇસનાઅશરી છે તેનું કેમ? મુંબઇમાં અંગ્રેજ સરકારના ન્યાયી રાજ્યમાં કોઇની બીક નથી.

**જવાબ**—તમોને ખબર છે કે, હું ગાદી નશીન છું. તેમ પોતે પણ લખે છે, ત્યારે વિચાર કરવો જોઇએ કે,

તેને આહી ન મળી, ને મને મળી તેનું કારણ જે તે મોટાછે. તેને મળવી જુએ. પણ તે અમારાથી ફરી ગયા. હવે તે પોતાની મરજી પડે તેમ છપાવે તેથી, શું થયું? અમને કાંઇ તેમાં લાગે વળગે નહિ. તે ઇસ્માઇલીથી ફરી ગયા, તેથી ગમે તેમ કરે

**સવાલ**—આપે કહ્યું તે હું સમજ્યો પણ હું પોતે આજથી ચાર વરસ અગાઉ ૧૯૫૨ ની સાલમાં મુંબઇમાં રમજાન શરીફમાં હતો. ત્યારે તા. ૧૯--૨૧--૨૩ ની રાતના મોટા જમાતખાનામાં મોટું જાગરણ હતું. તેમાં માથા પર તમો પોતે કુરાન રાખી બીજાઓને પણ તેમ કરવાનો હુકમ કરી, શબેકદરના અમાલ કરાવ્યા. તેમાં એક એક ઇમામના દસ દસ વખત નામ લઇ, છેવટે ખુદા પાસે ૧૪ માસુમોના વાસ્તા આપી અમારા વાસ્તે મગફેરત ચાહી. ત્યારે તે વખતે ઇસમાઇલી ઇમામને તો સંભાર્યા નહિ. તેનો આપ ખુલાસો આપશો તો સમજ પડશે. (આ વખતે આગા સાહેબે ગુસ્સાથી મુખ ફેરવી લીધું, તેથી મેં કહ્યું) જો આપને જવાબ દેવામાં વાંધો હોય તો, હું જબરાઇથી ખુલાસો માંગતો નથી. (તેમ કહી હું બેશી ગયો.)

(તરજુમાન હાશમ ભાઇને કહ્યું જે, તે શું કહે છે? તરજુમાને કહ્યું કે તે આમ કહે છે. ત્યારે તેમણે હાશમ ભાઇને કહ્યું તમો તેને કહો કે, જે પુછવું હોય તે પુછ. જવાબ દેવાને ઘણી ખુશી થાયછે; પણ હું હીંદી જબાન

બરાબર જાણુતો નથી. તમો જો ફારસી, અરબી, ફ્રેંચ બોલી જાણુતા હો તો સમજ પડે )

**શરીફ નુરમાહુમદ**—હું ફારસી, અરબી અંગ્રેજી ફ્રાંસીસ જાણુતો નથી.

**આગા સાહેબ**—તમો હીંદીમાં હાસમ ભાઇને કહો. તે તરજુમો કરી મને ફારસીમાં સમજાવશે.

( આ ઉપરથી હાશમભાઇએ તરજુમો કરી સમજ પાડી )

**આગા સાહેબ**—તમો બેવકુફ છો. મેં તમોને તેનો જવાબ પ્રથમ આપ્યો. પણ તમો સમજ્યા નહિ. ખેર, ઇમામ જાફર સાદકના બે ફરજંદ. એક મુસા તથા બીજા ઇસમાઇલ. હવે મુસાના ફરજંદ ને ઇસમાઇલના ફરજંદ શું સગા થાય?

**શરીફ**—પીત્રાઇ ભાઇ થાય.

**આગા સાહેબ**—તમો એટલું પણ સમજતા નથી કે, તે અમારા ભાયાત થાય. અલબત અમારે તેને યાદ કરવા જોઇએ. શું અમો તમારા ખોજા સારૂ તેને યાદ ન કરીએ? અને ન યાદ કરીએ તો તે શા માટે?

**સુલેમાન વાલજી**—આપ ઇમામ છો. તો અમોને મોઅજીઝો દેખાડો અને તે પણ ફકત એકજ.

**આગા સાહેબ**—મોઅજીઝો તો રસુલ દેખાડતા. હું કાંઇ રસુલ નથી.

**સુલેમાન વાલજી**—જમાતમાં કીસ્સા પડાય છે; તેમાં પણ લખે છે, જે ઇમામ જાફર સાદકે ઘણા મોઅજીઝા દેખાડેલ છે.

**આગા સાહેબ**—તમોને કાંઇ ખબર નથી. ખુદા કુરાનમાં ફરમાવે છે કે, મેં જન્નાત તથા જહન્નમ પેદા કીધી છે. અને તે બને ભરાશે. તો હું અગર મોઅજીઝો બતાવું તો, સરવે ઇમાન લાવે અને સઘળા જન્નતમાં જાય અને જહન્નમ ખાલી રહે. તો ખુદાનો કોલ ખોટો પડે.

**સુલેમાન ભીમજી**--આ લોકો આપને ખુદા કહે છે તેનું કેમ?

**આગા સાહેબ**--તેઓ નરક ખાય છે.

**સુલેમાન વાલજી**--આ લોકો નીમાજ પડતા નથી તેનું કેમ?

**આગા સાહેબ**—તેમના આમાલો તેમને સીર છે.

**સુલેમાન વાલજી**--મને એકજ નાનો મોજીઝો દેખાડો તો બધી ખાત્રી થાય.

**આગા સાહેબ**--આજથી બે વરસે મોજીઝો દેખાડીશ ત્યારે તમો ખાત્રી કરી લેજો.



# હાજરઈમામની હિદાયત

અને

# મુનાફીકોનો દુરાગ્રહ.

લખનાર — **E. J. વરતેજી.**

{ નુરે હિદાયત માસીકના ત્રીજા અંકના પાને ૨૬ મે **સવાલ** જવાબના મથાળા હેઠળ જે બયાન આપેલી છે. તે આજથી બાર વરસ ઉપરની છે. અને કહેવત છે તેમ ૧૨ વરસે બાવા બોલ્યા, તોપણ ધુલની ધુલ. }

* * * *

અમારા મુરશીદ **હાજર ઈમામ** મૌલાના સર સુલતાન **મહુમદ શાહ જી. સી. એસ. આઈ. એલ. એલ. ડી. ના.** ઇસલામની બહેતરીના યાદગાર 'ઝલકતા પ્રસંગો પ્રસાર થયા છતાં જેઓના માટે **"ખુદા ઈચ્છતો નથી, તેઓ હીદાયત પામતા નથી"**

. થયેલી બાબત . વાંચતા અને
ગણુત્રી જોતાં સમજાયા વગર
લામની શરૂઆતની તવારીખોમાં
માં જનાબ રસુલે ખુદા તથા હ.
પછીના ઇમામો સનમુખ આવા
ંધાયલા છે. ત્યારે તેવા દાખ-
રખું તાત્પર્ય નીકળે છે કે, એવી
ગમ્બરો સનમુખ પ્રશ્ન પુછનારા-
યત ઇમાન લાવ્યા હોય છે. કે
અને વિદ્વાન અને સુધરેલાઓ
તુ સમજવાનીજ નિષ્ટા રાખના-
ઇમાનદાર બનવા પામ્યા છે.
૧૯૦૫ માં ફીલવામાં ના૦
ની હજુરમાં સવાલ પુછનારાઓ
ન વાલજી, હાજી સુલેમાન ભીમ-
એ પુછેલા સવાલોની બાબત પો-
ચરેલા ગણનારાઓ તરીકે પહેલી
હોય, તેમને ઇમામની હજુરમાં
ધારણ મળતું જ્ઞાન અને સમ
મના—મહાન પાવરની પિછાનના
કરવા ખાતર ઇસમાઇલી જમા-
પસંદ કરવા અગાઉ પુખ્ત
કે એટલે પચેત.

રસુલથી છુટા પડનારાના ઈમાન (માફક) ડંખી, અને સુધરેલામાં ખપવાનું ગમે તેમ હોય ખેર, હવે જ્યારે છુપા છુપ ઉપરના સવાલ જવાબોની નકલો લાગતા વળગતા આસામીઓ તરફ ફેલાવીને તે ઉપરથી સાદા લોકોના ઇમાન ખરાબ કરવાના સાધન તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો ત્યારે તેનું પોગળ પ્રગટ કરવા મિસાલ. મી૦ કાબાને પોતાના માસીકમાં પ્રગટ કરવા જે બુધિ સુઝી છે. તે ખુદા જ્યારે ઈચ્છે છે, ત્યારેજ **હીદાયતના સાધન તરીકે બહાર આવે છે.**

આ **સવાલ-જવાબ** ઉપર વિવેચન કરવાં પહેલાં અમો એ બાબત જાણવા માંગીએ છીએ કે, જે ત્રણ જણાઓએ આ સવાલ પુછયા તેઓ હાલમાં કયાં અને કેવી હાલતમાં છે? તેની હકીકત જણાવી હોત.—અને બીજું એકે—ટુંક સાર તરીકે આવેલી વીગતમાં સહરાગતની શંકા રહે છે. તે કરતાં જો સંપુર્ણ રિપોટ તરિકે લખાયેલી હોત—અને તે બાબતમાં એકજ પક્ષના માણસો હોવા છતાં—તેના વાજબીપણા માટે જાહેર ઈનસાફ ખાતર સાક્ષી જેવી વિગતો દાખલ રાખી હોત! આ દેશના અશરી પક્ષના આસામીઓ તરફની વીગત તેમાં **હાજર ઈમામની** ટુંકમાં પણ ખરા જવાબોની સમજ અમો જે રીતે આપી શકીએ, તે નીચે મુજબ છે. અલબત્ત જો નામદાર આ[illegible]

નાંજવાબ અને રીત ભાતમાં જે કેટલીક વિગત આપી છે તેના સાથે અમો મલતા થવા પહેલાં.-ટીકા કરીશું કે,ઈસલામમાં ફીરકા થવાની જે પદ્ધતિથી રિવાયત માટે સુંથણાંછે; તેમાંની આમાં પણુ દેખાયછે.અને તેથી તે પોતે મોતેબર ગણવા પહેલાં, તેની જ્યાંસુધી સબળ સનંદ મળે નહી; ત્યાં સુધી નકામી જેવી અથવા ખોજા કોમમાં ફીત્તના કરાવવા સમાન બીજું કંઈ માનીશું નહી. અને એવી રીતે ફસાદ કરવાની પદ્ધતિવાળાઓ જનાબ રસુલે ખુદાના જમાનામાં પણુ મોજુદ હતા એમ કુરઆને શરીફની નીચેની આયત સિદ્ધ કરે છે કે:--

" અને ખરેખર શેતાનો પોતાના મિત્રોને ભમાવે છે. એટલા માટે કે તેઓ તમારી સાથે તકરાર કરે."

આ કુરઆને શરીફની આયાત મુજબ જેઓ કોમમાં ફિતનો કરાવવાના સાધન તરીકે જે કોશેશ કરે છે. તેઓને પોતાને તેવા તોહમત સામે બચવા જાહેરમાં પોતાને સુધરેલા તરીકે મનાવવાની કોશેશ કરનારા તરીકે ઓળખાવે છે, અને તે બાબતમાં-કુરઆને શરીફની આયાત હીદાયત કરે છે કે:-

" અને જ્યારે કહેવામાં તેઓને આવે છે કે, તમે જમીન ઉપર ફિસાદ કરો નહી. ત્યારે તેઓ કહે છે કે, અમે માત્ર સુધારો કરનારા છીએ."

( સુરે બકર આયાત ૧૧ )

"જાણો ખરેખર! તેઓ પોતેજ ફસાદ કરનારાઓ છે.
"પણ તે તેઓ જાણતા નથી, (૧૨) અને જ્યારે કે
"ઓને કહેવામાં આવે છે કે તમો, ઈમાન લાવો, જેવી
"જેવી રીતે કે માણસો ઈમાન લાવ્યા છે. ત્યારે તેઓ
"કહે છે કે શું અમે ઈમાન લાવીએ કે જેવી રીતે
"મુર્ખ માણસો ઇમાન લાવ્યાછે. જાણો ખરેખર! તેઓ
"પોતેજ મુર્ખ છે. પણ તેઓ જાણતા નથી. (૧૩)"

આ રીતે આ સવાલ પુછનારાઓ અને તેને ગુમરાહીના સાધન તરીકે પ્રગટ લાવનારાઓ કુરઆને શરીફમાં બતાવેલા માણસો તરીકે ખુદા પાસે દોઆ માગીએ છીએ કે, ખુદા તેઓને ખરી હીદાયત બક્ષે અને

**હાજર ઇમામ પોતાની પનાહમાં રાખે.**

ઈમામતના સવાલો પુછ્યા પછીના જવાબો પછી પણ ગુમરાહી કરવી તે મુનાફેકપણું છે. અને મુનાફેક પણું દુરાગ્રહથીજ થાય છે. આવા દુરાગ્રહ માટે કુરઆને શરીફની નીચેની આયતો ખુલ્લી રીતે ચેતવણી આપેછ કે જેની અસરથી તે ખુદાના ઇચ્છાવામાંજ હોય તો થાય. કારણ કે, **ખુદા જેને ચાહે તેને આડે માર્ગે, રહેવા દે છે,** અને **જેને ચાહે તેને સીધા રસ્તા પર રાખે છે.** (૩૯)

શું તમે એમ ઇચ્છો કે તમો તમારા પેગમ્બરને સવાલ પુછવામાં આવ્યો હતો. અને જેણે ઈમાનને

કાફેરપણાં સાથે બદલ્યું છે. તે બેશક સીધે રસ્તેથી આડો ગયો છે. (આ૦ ૧૦૮) સુરે—

આટલા વિવેચન પછી હાજર ઇમામનો દાવો જે ન.મદાર આગાખાન સાહેબ કરે છે. તેઓના તરફ તેના વિરોધીઓએ પોતાની મન પસંદ ગણત્રી કરવા પહેલાં ઈમામની શનાખ્ત વિષે સંપુર્ણ માહેતિ મેળવ્યા પછીજ ટીકા કે અયોગય ચરચા કરવાનું પોતાની પ્રમાનદારીના ભલા ગુણથી સમજવું. જુઓ.—

## ઇમામની શનાખ્ત.

ખોજા કોમને ઈમામના નામથી જે શનાખ્ત—પીર સદરદીન કે ગુર હસન કબરદીન જેવણ સાહેબોના વચનો ઉપર શ્રધા ઉઠી જવા પછીથી જે રીતની તાલીમ મળી છે, તેને હિસાબે તે એટલી અંધ શ્રધ્ધા વાળી છે કે.—=મી૦ કાબાનેજ નુરે હીદાયતના ત્રીજા માસીકના અંકમાં ત્રીજી **સુરત** તરીકે ઈમામની હકુમત હીદાયત—ત્થા (સંદેસો પહોચાડવો,) તે હમણા દેખાઇ છે. અને કદાચ તે વાંચનાર અને તેના ઉપરથી સમજ ગ્રહણ કરનાર ફાયદો ઉઠાવે, પણ જે રારતો ગેબ **ઈ-આમની** માનીનતાના લીધેજ વધુ ઉપયોગી ગણનારા, ઓ કરતાં હ૦ અલી—હ૦ હુસેન.—હ૦ જેનુલ આબદીન વિગેરે ઇમામોના જમાનામાં કોને ઉપયોગી ગણાય?

તે વિચારવાનું છે. ઈમામ-ગેબ **સુસ સકલૈન**-મુજબ ઇમાનદારો **સુરેયાસીન**ની બારમી આયાત એટલે જાહેર ઈમામ (ગેબ નહં પિછાણી શકાય કે જેથી જાહેલીર ન બને. ઇમામ ગેબની ગણુત્રી- આને શરીફ તથા ઇસલામ વિર કરવાને **સુર એ ફવસર** અને હ હ૦ અલી અને હ૦ ઈમામ હુસેન. હ૦ મહમદ બાકર-તથા જાફર સા ના દાખલાઓ મશહુર છે, આવી બનસલ ગવાહી આપે છે. ત્યારે **હેલે બઈયત** એ બંને કયામત ર એમ માનનારાઓ ભુલી જાય છે માનવાથી-"કુરઆન **જાહેર** છે, અ એમ માની ગુમરાહી અખતયા દરેક જમાનામાં ઇમામની બયત લે **લીદ**ના તકલાદીપણામાં હોમી નાંખ અમો દરેક ઈમાનદાર વાંચક, ઇસલ છીએ કે; જેવી રીતે **નામદાર ઞ બયત** રસુલ હોઇ નસલ બનસ વારસ મોઉજુદ છે. તે મુજબ ર

દાવેદાર છે કે જેને અમો ઇમામ તરીકે ઓળખી તાબે-
દારી કરીએ અથવા નામદાર આગાખાનને ઇમામ તરીકે
ઓળખવામા એવી કઇ શરઇ અમ્રનો બાધ આવે છે?

ઇમામના જમાનામાં ઇમામની મુલાકાત કરનારા
છતાં, ઇમામની શનાખ્ત નહીં રાખનારાઓનો કાંઇ
ટોટો ન હોતો, બલકે ઇમામના વિરોધીઓ તરીકે
પોતાની વિકૃતા, એ દરેક ઇમામના જમાનામાં કરના-
રાઓ હતા અને સામે લડનારાઓ પણ હતા. તેજ
હિસાબે ઇમામ તરીકે નામદાર આગાખાનને નહી
માનનારાઓની હકીકત અમારા નજીક કઇ કીમત ધ-
રાવતી નથી.

પણ અમાને આ સવાલ જવાબની બાબતથી એ-
ટલા માટે આનંદ થાય છે કે, વિરોધીના હસ્તકની
બાબતમાં નામદાર આગાખાનના ઇમામ તરીકેના અં-
દરના કેટલાક અમુલ્ય વચનોની અસર, "જો ખુદા
ચાહે", તો તેના વાંચનારાઓમાથી ઘણાને થાય, તેમાં
નવાઇ નથી. અને હ૦ જેનુલઆબદીનથી. યઝીદ
જેવાના જમાનામાં હીદાયત પહોંચતી, તેના કરતાં તો
અત્યારે બ્રાટીશ ગવરમેંટ જેવીના ધર્મ રક્ષક પણા નીચે.
ઇમામતનો ઝળકાટ પામવા અનેક સબબો અલાહના કરોડો
શુકરાના જેવા છે!! અને હીદાયતની હીકમત ભરેલા હાજર

**ઈમામ નામદાર આગાખાન**ના જવાબમાં કેવી રાહ્યાં બરી છે? તે યથાશકતી જણાવીશું.

**પ્રથમ સવાલ**-સુલેમાન વાલજીએ પુછયો છે કે:-
હજરત અલી અ૦ ને ખુદા કહેવા કે નહી ?

**જવાબ**-જેને મારફ્તત છે. તે ખુદા કહેતો વાંધો નથી. ને શરિઅત ઉપર ચાલે. તે જો હજરત અલીને ખુદા કહેશે તો તે કાફર છે. માટે તમારે તમારા એતકાદ પ્રમાણે ચાલવું.

**ટીકા**-અમારૂ માનવું છે કે, આ સવાલ પુછનાર પોતે શરીઅતી છતાં મારફતનો સવાલ કરવાથી તેને બંને બાબતનો સવાલ ખરા આકારમાં, આપવાની મહેરબાની કરી છે. કારણ કે-ઈમામના કલામમાં જે હીકમત સમાયલી હોય છે, તે મુજબ આ જવાબમાં સવાલ પુછનારની સંપુર્ણ ઓળખ આપીને તે તેના એતેકાદ મુજબ એટલે શરીઅત ઉપર વર્તવા ભલામણ કરી છે. કારણ કે અલીને ખુદા કહેવા એ શરીઅત તરીકે બોજા સમાન લેખતા હોય, તેવું તેના સવાલમાં સમાએલું તત્વ-સ્પસ્ટ છે. જો તેમ ન હોત, તો તે સવાલ પુછતજ નહી. અને તે સાથે આ સવાલ પુછતાં એવી ઉમેદ રાખેલી પણ હોવી જોઇએ કે,-નામદાર આગાખાન ઇમામતનો દાવો ખોટો ધરાવતા હશે. તેથી

કાંતો હ૦ અલીને ખુદા કહેવાનું જાહેર કરશે નહી. અથવા જો જાહેર કરશે, તો તે સાબેત કરી શકશે નહી. આ સવાલ પુછનારની નેમને "**નામદાર આગાખાન** સાહેબે પોતાની ઈમામતના પાવરથી પુણ પરખીને બેઉ રીતના જવાબ આપ્યા છે. અને સાથે હીદાયત પણ કહીછે, કે "તમારે તમારા એતેકાદ પ્રમાણે ચાલવું-ટુંકામાં પણ આ સવાલના જવાબની ખુબી હ૦ મોલા મુશકીલ કુશા અલી સનમુખ-એક યાહુદીએ પુછેલા સવાલના જવાબ જેવી છે, કે જેણે હજરતના ઇલ્મની ખુબી જાણવા પુછયું હતું કે, ખુદાએ સરજેલા મનુષ્ય સિવાયના પ્રાણીઓમાં, કોણુને ઇંડાથી ઉતપન કરે છે અને કોણુને બચ્ચાં અવતરે છે ? તેના જવાબમાં જણાવ્યું હતું કે-જે પ્રાણીઓને કાન છે. તેને બચ્ચાં અવતરે છે. ને જેને કાન નથી. તેનો ઇંડાથી જન્મ થાય છે વિગેરે. આ જવાબ ટુંકમાં આપી ખુદાઇની ઉત્પતિ વિષેના જ્ઞાનનો કાબુ જેમ જણાઈ આવે છે. તેવીજ રીતે હાજર ઇમામ નામદાર આગાખાને આપેલા જવાબમાં જેને માઅરેફ્ત છે. તે અલીને ખુદા કહે, તો વાંધો નથી. 'એમ કહીને જમાનામાં ચરચાતા મહાન સવાલનો ફડચો કર્યો છે. આ સ્થળે મારફ્ત-એટલે પિછાણુ પણુ અથ કામ કરે છે. અને બીજો અથ મારફ્ત જે ઇસલામના જ્ઞાનના

તબકામાંનો ચોથો દરજ્જો છે. તેની પણ યાદ છે. નુસેરી હ૦ અલીને ખુદા કહેતો હતો, કારણ કે, તેને માઅરફત અને પિછાણ હતી.—અથવા તેને ઇસ્લામના બધા દરજ્જાઓ સમજાયા હતા, વળી **સલમાન ફારસી** જેનો પણ **અહેલે બઈતમાં** શુમાર છે. તેની પણ એજ સ્થિતી હતી. તેને, **અમ્માર યાસીર** વિગેરે કરતાં કામેલુલ ઈમાન કહેતા હતાં, તેમના વિષે હ૦ ઇમામ મહમદ બાકરની હદીસ છે કેઃ—

"સલમાન ફારશી હ૦ અલીને જે રીતે માનતો હતો, તે રીત જો અબાજરને કહેતે,તો અબાજર સલમાન ફારશી ને કતલ કરતે." એ હદીસ શું સમજાવે છે અથવા સલમાન ફારસી હ. અલીને ખુદા જાણતો હતો. તેજ એક એવી બાબત હતી કે, જે સલમાનના દરજ્જે ઇમાનમાં અબાજર ન હોતો, અને જ્યાં સુધી જે કોઈ માઅરફતને પહોંચ્યો. ન હોય તો, ત્યાં સુધી હ૦ અલીને ખુદા કહેવું. હાજર ઇમામ નામદાર આગાખાનના ફરમાન મુજબ કાફરપણું છે અને તેના લીધે અબાજર જેવા શરીઅતી ઇમાનદાર સલમાન ફારશીને કતલ કરે. એ બનવા જોગ છે. આ રીતે હાજર ઇમામ નામદાર આગાખાનના પહેલાં જવાબની મહાન હીકમત અને ખુબી—તેના જાણનારને વિશાળ સમજ સાથે સંપુર્ણ હિદાયત કરનારી છે.— ત્યારે નજીક ગયા છતાં ન સમજનારાએ માટે દોઆ!

**બીજા સવાલ**માં મારફત બતાવવાની માંગણી કેટલી બેહુદી અને અજ્ઞાનતા ભરી છે. તે કોઇપણ સમજુ વાંચનાર સમજ્યા વગર રહે નહિ. શું આવી માંગણી **હઝ મઉલા અલી** કે તેમના પછીના કોઇ પણ ઇમામના જમાનામાં કરવામાં આવી હોત, તો **ના. આગાખાને** આપેલા જવાબથી લેશ માત્ર બીજા જવાબ ન મેળવતે. એમ તે વખતનાં ચારિત્રો ઉપરથી ઇસલામી તવારીખો વાંચનારાને સમજાયા વગર રહે નહિ. કારણ કે **ના. આગાખાને** આપેલા જવાબમાં વાજબી રીતેજ કહ્યું છે, કે "મારફત શીખવુ હોય તેણે ઇલ્મ ફીલસુફી તથા ઇલ્મે મંતક શીખવું જોઇએ." કારણ કે સવાલ પુછનાર "કેટલાક **અલી અલ્લાહ** કહેછે ને કેટલાક **અલીયુન વલી અલ્લાહ** કહે છે," એવી પારકી પંચાતી માથે વ્હોરીને ફરતો હોવાથી, તેની મુંઝવણીનો તોલ કરી જવાબ આપવાનું દુરસ્ત જોયું છે, કે તે શીખવું બહુ મુસ્કેલ છે. અને "**તમે રહેવાદો**" એમ કહી સવાલ પુછનારની લાયકાત જોઇ ખુલ્લા શબ્દોમાં કહ્યું, કે **માટે તમોને અલીયુન વલીયુલ્લાહ કાફી છે.** આ જવાબ સવાલ પુછનારનાં મનમાં શરીયતી આસ્થા મુજબ એક આબાદ હિદાયતની રોશની મીસાલ છે.

ત્યારપછી બીજા ગ્રહસ્થ શરીફ નુરમામદનો સવાલ એ હતો કે. " આપની પાસે મારી અરજ એ છે

કે, જે મને ઇમામના બારામાં શક છે, તે આપ રાજી હો તો ખુલાસો કરશો. ”

“ ઘણા માણસો ૧૦૦ ઇમામ કહે છે, ને કેટલાક ૫૦, કેટલાક ૨૦, કેટલાક ૧૦ ને કેટલાક ૫ કહેછે. કેટલાકો એમ કહે છે કે ઇમામ નથી. તો હવે આપણાં મઝહબમાં કેટલા ઇમામ છે ? તેનો ખુલાસો આપો એટલે તે પ્રમાણે વર્તીએ ”

**ટીકા**—આ સવાલ પુછનારના સવાલનો શરૂ ભાગ પહેલાં સવાલ પુછનાર માફક પોતાને સમજ ધરાવનાર તરીકે નો ફાંકો દેખાડનારો નથી. જાણવાની ઇચ્છાવાલો છે. તો પણ સ્હેજ ટચાક માફકનો છે. અને તેનો જજવાબ પણ તેવાજ આકારમાં પ્રથમ આપી, તે ખરૂં જાણવાની ઇચ્છા નિરાળી કરાવી છે.—એટલે ૧૦૦) ૫૦) ૨૦) ૧૦) ૫) એવા ઇમામની સંખ્યા તો પેશ ઇમામની કે નમાઝ પડાવનારાની હોયછે. તેની ગણત્રી કદાચ થઇ શકે, અથવા એક ગામ કે શહેરની જમાઅતને મસલા મસાઅલ અને શરીઅતી તાલીમ આપનાર તરીકે કામ કરનારા હોય. પણ **ઇમામ** કે ૯૦ મોલાઅલી અને તેની સીધી નસલે ખુદાનું નુર ઉતરતું આવે છે. તેની હદ મુકરર ગણનારાઓ **ઇમામ** ને પિછાણવામાં થાપ ખાનારા છે. કારણ કે ખુદાએ પોતાના ભેદની વાતો દુનયામાં—માત્ર પેગંમ્બર

અને ઇમામ સિવાય કે જેનો કનેકશન ખુદાનાં નુરથી હોય છે તેના સિવાય બીજા કોઇને ઝાહેર કરી નથી. અને તેવી બાબતમાં કોઇ વખતે પેગંબરે અથવા કોઇ ઇમામે પણ **ઈમામો** અમુક સંખ્યામાં થશે, એમ સ્પષ્ટ કર્યું હોય; **તેવી** કોઇ સ્થળે ઇસ-લામ ધર્મની કે તવારીખી કીતાબમાં નથી. અને ઈમામના બાબમાં માત્ર કુરઆનમાં **સુરે યાસીન** માં સ્પષ્ટ આયાત છે. કે જેમાં **ઇમામે મોબીન** એટલે **જાહેર ઈમામની** સિફત બતાવેલી છે. અને તેની સનદ **હદીસુસ સકલઈનથી** છે; કે જે હ૦ મોલાઅલીની નસલમાં કયામત સુધી ઇમામો એક પછી એક થયા કરશે. પરંતુ તેવી કોંઇ ઇસલામી દલીલ માંઇમામની ગણત્રી આપી નથી. ઉલટું. ઇમામ ગઇબ રહે, તેના વિરૂદ્ધ સમજ આપનાર છે અને તે મુજબ-જવાબના બીજા વખતે સાફ ખુલાસો કીધો છે કેઃ-

**"ઈમામનો નંબર નથી ને ઈમામ દુનીયા-માં કાયમ છે, ઈમામ વગર દુનીયા ચાલે નહિ."**

નામદાર આગાખાનનો આ જવાબ ઈસલામનાં રહેબર તરીકે અજ્ઞાનતા દુર કરનારો છે. અને તે પછી ના જવાબમાં પોતે ઇમામ તરીકે હોવાનું અને તે બાદ પોતાની નસલમાં ઇમામત રહેવાનું જે ખુલા આકા-ર[illegible] માન્યં છે અને તેના સાથે "ઇસમાઇલ બિન જાફર

સાદકથી ઉતરી આવેલ છુ" એમ કહી સ્વામી દોડધામ કરી ઇમાનની ખરાબી કરનારાને પોતાનાજ શબ્દોમાં તોડી પાડયા છે. અને એ રીતે આ સવાલના જવાબમાં કીમતી ખુલાસો એટલે બધો કીધો છો, કે જેનામાં ખુદા રસુલ અને કુરઆન વિગેરેમાં આસ્થા હોય. અને તેમ ખરી રીતે જાણનારા હોય, તેને તેની ચમતકારી અસર થયા વગર રહે નહિ કારણ કે—

**યહદીલ્લાહો બે નુરેહી મંયશાઓ.**

એટલે—ખુદા જેને ચાહે તેને પોતાના નુર વડે હીદાયત કરે છે.—તે પછી આ જવાબ માટે સવાલ પુછનારે અને બધા વાંચનારે પણ પોતાનું ઈમાન દુરસ્ત કરવાનો સબબ છે.

શરીફ નુર મામદે બીજો સવાલ એવી રીતનો પુછયો હતો કે,"આપના દાદા મરહુમ શાહ હસનઅલીએ કીતાબ નામે કનઝુલ મશાયખ —તથા **મનહાજુરરશાદ** નામે છપાવી છે. તેમાં ખુદા એક, ઈમામ બાર, તેરમો ઇમામ નથી. અને કોઈ કહે તો તે કાફર છે.. વિગેરે લખેલુ છે. તેનું કેમ ?"

શરીફ ભાઇના આગલા સવાલની શું મતલબ હતી, તે આ સવાલમાં—ના૦ આગાખાન સાહેબના ઉપરના જવાબથી છુપી રહી શકી નથી. **અને ઈમામ બારનો સવાલ** કે જે અગાઉના સવા[illegible] થાય

છે. તેને ફરી પાછો તાજો કીધો છે, પરંતુ શરીફભાઈના આ સવાલની મતલબ આંક બાંધેલી છે. એટલે કનઝુલ મશાયબ તથા મન હાજુર રીશાદની કીતાબોના હવાલે આપ્યા છે. કે જે કીતાબો માં કારણો **તકીયા** ની રૂઢી કે જે રૂઢી ઈમામ હસને માવીયાના જમાનામાં તહનામાની રૂઇએ અખત્યાર કીધી હતી. પરંતુ હ. ઇમામ હુસેને કીધી નહી. એ મુજબ ઇમામને જ્યારે બ્યાજબી લાગે, ત્યારે તકીયો અખત્યાર કરે, કે જે મુજબ સંજોગો વચ્ચે શાહ હસનઅલીએ કીધો. પરંતુ બદલાયલા સંજોગોમાં હવે નામદાર આગાખાન સાહેબે પોતાની ઇમામતની દલીલ તકીયાની રૂઢી તરફ કરી છે. આ ઉપરથી ઇશના અશરીઓ ઇમામ હસનને તકીયો કરવાથી જુદા કહી શકતા નથી, તો પછી શરીફ ભાઇનું ગુમાન ના૦ આગાખાન સાહેબના જવાબપછી દુર થવું જોઇએ. એ જવાબ હીદાયત નુમા એ હતો કેઃ—

**“ હા તે બરાબર છે. પણ ઇરાનમાં ઈશ્ના અશરીઓનું જોર હતું, તેથી તેને કહેવામાં આવ્યું જે કિતાબ તારે હાથે બનાવીને છપાવ તો ઠીક નહિતર જાન જશે. માટે તકીઓ રાખી છપાવી તેથી શું થયું ?”**

આ જવાબને **હ૦ મઉલા અલીના** જમાના સાથે સરખાવવામાં આવશે, તો વધુ સમજાશે, કે જનાબ રસુલે ખુદાની વફાત બાદ ખલીફાએ રાશેદીન-ની ખીલાફતના જમાનામાં પોતાની ઇમામતનો સવાલ **"અના મદીનતુલ ઇલ્મ ફ અલીયો બાબોહુા"** ની પ્રસિદ્ધ હદીસ ખુદ ખલીફા સાહેબોને **અઝબર** હોવા છતાં, સંજોગો વચ્ચે તકીઓ કીધો હતો, તેથી શું **મઉલા અલી** માથે કોઇપણ જાતનું તોહમત રાખ-નાર ઇમાનદાર ગણાશે ? હા! સીફ્ફીનના ખારજીઓએ **હ૦ અલી** ઉપર તોહમત રાખીને પોતાનાં આકેબતની કરેલી ખરાબીના દાખલા દરેક ઇસ્લામી દફતરમાં મઉ-જુદ છે. છતાં તેવી ટોપી પહેરી લેવાનું ડહાપણ તે **ઈમામના** જવાબોની સચ્ચાઈ જાહેર થયા પછી, ગુમા-ન રાખવું કુફ્ર છે. **હ. ઈમામ હુસેને** કરબલાના ભયંકર સંગ્રામ વખતે "પોતે **ઈમામ છે,**" એમ જાહેર કર્યા છતાં, કુરઆનને માનનારાઓ, નમાઝ પઢનારાઓ કયા મુસલમાને તેમની બયત કરી સાચા માન્યા હતા? એ તો **ખતમલ્લાહો અલા કોલુબેહીમની** માફક જેનાં અંતઃકરણ ઉપર ખુદાએ મોહર મારી છે, તે કદી હિદાયત પામતા નથી, એમ ખુલ્લું છે. કારણ કે ઇરાનમાં છપાએલ તે તે કિતાબો પછી એબરતે **અફઝા** નામની કિતાબ જેમાં ઇરાનથી સિંધ સુધીની મુસાફરી

નું બયાન એજ **શાહ હસનઅલીએ** છપાવ્યું છે, તેમાંજ એ કિતાબોની ઇસ્નાઅશરી ઇતકાદની બાબતને મનસુખ કરીછે. તે જાણવા નીચેનો ફકરો કાઢી છે.

"જે જાફરી મજહબને હાલમાં લોકો શાહ ઇશમાઇલ "શફવીથી નીસબત આપ્યા કરેછે. હું તે ખાનદાનમાંથી "બાકી રહયો છું."

જો જોનારા વિચારે અને ઉંડી નજર નાંખે તો જાણે કે શાહ હશનઅલીના શબ્દો એમ ખુલાસો કરે છે, કે આ ફકરામાં છેલ્લા વાકયની મતલબ–તે અગાઉના કોઇ પણ જાહેર દેખાવની બાતીની સત્યતા ખોલી જોવા ભલામણ કરે છે, કે જાફરી મઝહબનો રિવાજ ચાલુ કરનાર શાહ ઇસમાઇલિના વંશનો હું કુરઆન ને હદીદુસ સકલૈન મુજબ બાકી રહેલો ઇસિમાઇલી ઇમામ છું.

અફસોસ છે ! કે મી. શરીફભાઇ કનઝુલ મશાયબ તથા મનહાજુર રિશાદ જેવી કીતાબોનો ભાર વેઠયો, પણ વગર તર્કાયાની છેલ્લી પોતાની સ્વતંત્રતાથી ઇતિહાસીક બનાવની ઇબિરત અફજનો આ ફકરો વાંચીને વિચારી શકયા નહી. જે ઉંડી નજરથી નહી જોઇ શકવાથી પોતાની અરધ દગ્ધ આસ્થાની હકીકતથી ઇમામની પરીક્ષા કરવા જતાં–તેઓજ પરખાઇ ગયા !! ગોયા.–શાહ હસનઅલીના ઇબરતે અફજના ઇમામતના ફકરાનો જવાબ.–નામદાર આગાખાન સાહેબે

ફરમાવી શંકાનું, સમાધાન કરી નાંખ્યું છે. જો ખુદા તેમ સમજવા તેમને માટે ચાહેતે.

શરીફભાઇના ત્યાર પછીનાં સવાલમાં ઇમાન નહી પણ જીદ છે, એમ સાફ છે. એટલે, ઇમામના ફરમાનની બાબત સાથે ઇમાન નહી હોય, તેના કલામની સરખામણી કરી છે. છતાં નામદાર આગાખાન સાહેબ નો જવાબનો ખુલાસો ખાસ મહેરબાની દેખાડનારો છે. કે, જે ઇમામતની ઝળકતી નીશાની છે. ( ખુદા જેને દેખાડે તેજ જોઇ શકે ) અને તે જવાબ એ હતો કે।
"તમોને ખબર છે કે, હું ગાદીનશીન છું. તેમ પોતે
"પણ લખે છે. ત્યારે વિચાર કરવો જોઇએ. કે તેને
"ગાદી ન મળી ને મને મળી.—તેનું કારણ તે મોટા
"છે તેને મળવી જુવે, પણ તે અમારાથી ફરી ગયા–
"હવે તેઓ મરજી પડે તેમ છપાવે. તેથી શું થયું ?
"અમને કાંઇ તેમાં લાગે વળગે નહી. તે ઇસ્માઇલીથી
"ફરી ગયા. તેથી ગમે તેમ કરે.—"

આ જવાબથી ઈમામના કુટુંબીયો અથવા સગાં ઉપર દોરવાઇ જનારા ગુમરાહ થઇ જાય છે. એવું ઇસલામની શરૂઆતથી જે સિદ્ધ થતું આવ્યું છે, તેની યાદ છે. અને તે છતાં ઈમામનાં ફરમાન પર શંકા લઈ જનારાઓ મુળથી દોરવાઇ જતા આવ્યા છે, તેમ જહાં

ગીર શાહનો રિસાલો અને તેના બોલ ઉપર ભરૂસો રાખનાર ભુલાવો ખવાડનારા, મુલ્લાંની સમજાવટ ઉપર ઇમાન ખરાબ કરી નાંખનારા જેવા છે. ખુદા પનાહ આપે ! તેવા અંધ દગ્ધ ઇમાનદારોની ઈમાનદારીના સાયાથી !

મી૦ શરીફભાઇ નુરમામદે પોતે ત્યાર પછીના સવાલમાં એક સહરાગત ભરી બાબત ઘુસાડી છે અને તે બાબતમાં જે જે સંજોગો જવાબ માટે લેખીત રજુ છે, તેમાંથી ૩ બાબતો ખુલ્લી થાય છે કે:—

( ૧ ) પહેલી એ કે— આજ કાલ કોર્ટે ચડેલા મુકદમાઓમાં જે લોકો બાપ દાદાના પાળતા આવેલા ધર્મ તરીકે ઇસ્નાઅશરી મત બાબત જાહેર છાપામાં છપાવે છે, તેને તેજ સવાલથી ખોટા પાડે છે. કે જમાઅતખાનામાં મોટું જાગરણ રમજાન માસમાં તા૦ ૧૯–૨૧–૨૩ના રાત્રે થાય છે તથા તે વખતે આમાલ પણ થાય છે અને ઇસમાઇલી ઇમામ તરીકે એ ધાર્મિક ક્રિયામાં ઈમામ પોતે હાજર રહી ઇબાદત કરવા હુકમ કરે છે, તે હકિકતી ઈસ્લામ તરીકે ઇસમાઇલી મઝહબની ઉંચી ગણત્રીની સાબેતી છે. તે સવાલમાં શબે કદરના આમાલ કરાવ્યા, તેમાં એકએક ઇમામનાં દશ દશ વખત નામ લઇ છેવટે ખુદા પાસે (૧૪) માસુમોના વાસ્તા આપી, અમારા વાસ્તે મત ફેરી હાલના ઈસ્ના

અશરી તરીકે નવી અખ્ત્યાર કરેલી રૂઢીની માનીનતાની બાબત ઘુસાડી દીધીછે અને સવાલની અવ્યવહારૂ સ્વતંત્રતા માં એવો દેખાવ કર્યોછે, કે નામદાર આગા સાહેબે ખુદ ઈમામ તરીકે હોવા છતાં, પોતાનું કે પોતા અગાઉના ઇમામોનું નામ સંભાર્યું નહિ ને ઇસ્નાઅશરી ઈમામો નાં નામ લેવાય તે નામ આગા સાહેબની ઇચ્છા મુજબ હોવાં જોઇએ. એમ બતાવવા જે ગલત કોશેષ કરીછે, તેના જવાબમાં કાઉંસમાં લખેલી હકિકત કોણે લખી છે અથવા શું કામ લખી છે ? તે શક ઉભો કરે છે. કારણકે **ના. આગાખાન સાહેબે જે ગુસ્સાથી મુખ ફેરવી લીધું**, તે બાબત ઉપરથી ખુલ્લું થાયછે કે એ સવાલની મતલબ તદન ગલત રીતે પુછવામાં આવી છે. કેમકે ના૦ આગાખાન સાહેબે દરેક જવાબ બેધડક અને સાચા આપ્યા છે, તેમ ઉંચા પ્રકારના સ્વભાવથી અને વગર ગુસ્સાથી આપ્યા છે. ત્યારે આ સવાલમાં ગુસ્સે થવાનું કારણ ખુલ્લું હતું કે-ઇસ્નાઅશરી મતની બાબત ખોટી રીતે પોતાની હાજરી સાથે ઉમેરવામાં આવી છે, તે દેખાડવાને ગુસ્સો દેખાડી મુખ ફેરવી લીધુંહોય અને ઇમામ હમેશાં ખોટી બાબતોથી પોતાનું મુખ ફેરવી લે છે. પણ જ્યારે પાછળથી શરીફભાઈએ કહ્યું કે "આપને જવાબ દેવામાં વાંધો હોય, તો હું જબરાઈથી ખુલાસો માંગતો નથી." ( તેમ કહી બેસી ગયો. )

આમ ફરી સવાલનો જવાબ માંગવાની પદ્ધતિનું કારણ, આગલા ખોટારાથી ચડેલા ગુસ્સાને દુર કરનારૂં અને શરીફભાઇનું આજેજ થવું, ભવિષ્યમાં કાચા મગજ ધરાવનારાઓને આડે રસ્તે જવાનું કારણ ન થઈ પડે. તેટલા માટે ના. આગાખાન સાહેબ પોતાને ચડેલો ગુસ્સો પી ગયા. કે જેવી રીતે હ૦ **ઇમામ હુસેને** એક મહેમાનને સુફરા ઉપર જમાડતી વખતે પોતાના ગુલામે સીરવો હ૦ **ઇમામ હુસેનના** મોઢા ઉપર ઢોળ્યા પછી "**ઇન્નલ લાહા મઅસસાબેરીન**" ની આયાત યાદ આપતાં, ગુસ્સો પી જઇને આઝાદ કર્યો હતો. તેવીજ રીતે અહીં નામદાર આગાખાન સાહેબનાં ઇમામતનું નુર ઝળકી નીકળ્યું અને શરીફભાઇએ **વાંધો હોય તો હું જબરાઈ કરતો નથી.** એવી આજીજી કરતાં જે નરમાશ વાપરી તે ઇમાનદાર માટે હિદાયતનુમા હતી.

આગલા વખત એજ સવાલમાં ખોટારૂ એ હતું, કે ઇસમાઇલી ઇમામોને સંભાર્યા નહિ. એ કહેવું બે રીતે ખોટું પડે છે. એક તો **જાફર સાદીક** સુધીના ઇમામોનાં નામો ઇસમાઇલી ઇમામ છે, છતાં પોતાનાં ડહાપણનાં ફાંકામાં શરીફભાઇને તેની શુદ્ધ રહી નહિ તે તથા બીજું ઇસ્નાઅશરી મતના ઇમામોનાં નામ બીલકુલ લેવાતાંજ નથી. પણ તે વખતે પંજેતનનાં નામો લેવાય છે. કારણ કે શરીફભાઇએ શાં૦ ૧૯૫૨ ની સાલની વાત કહી પરંતુ ઇ૦ સ૦ ૧૮૬૬ ના નવેમ્બર માસમાં બારભાઇ કેસના જજમેંટમા ઇસમાઇલી ઇમામ તરીકે સાબેત થએલ ઇમામની હાજરી, ઇસ્નાઅશરી

ઇમામનાં નામો, અને તે વળી લગભગ ૨૫ વરસે એ કેસમાં ઇસમાઇલી ઇમામ સાબેત થયા પછી, એ બાબત ત્રાહીત પણ કબુલ ન કરી શકે, એવું ખોટા રૂં સાચા ઇમામના રૂબરૂ ચલાવવું તે કેટલું બધું બેહુદુ હતું, તે ના૦ આગાખાન સાહેબના એ વખતના ચહેરા નાં ચિન્હ ઉપરથીજ એક ચમત્કારીક જવાબ થયો હતો. છતાં જ્યારે શરીફભાઈ ન સમજી શકવાથી તેને જુદા બહાનાંથી એટલે "ના. આગાખાન સાહેબ ગુસ્સે થયા," એવો ખોટો અર્થ ઉઠાડી જે ગુસ્તાખીના કલામો કીધા તેનો સારો અર્થ કરાવવા, આગાખાન સાહેબે તરજુમાન હાસમભાઇને કહ્યું જે "તે શું કહેછે?" એમ પુછ્યું. તેના જવાબમાં તરજુમાન હાસમભાઇએ શરીફભાઈની લાહેરી રજુ કરી, કે " જો આપને જવાબ દેવામાં વાંધો હોય તો હું જબરાઇથી ખુલાસો માંગતો નથી. "

એમ કહેવાથી તરતજ તદન સાદ્દાઇથી ફરમાવ્યું કે. **"તમો તેને કહો કે જે પુછવું હોય તે પુછ, જવાબ દેવાને મને ઘણી ખુશી થાય છે.** હું હીન્દી જબાન બરાબર જાણતો નથી. તમો જો ફારશી અરબી, ફ્રેન્ચ જાણતા હો તો સમજ પડે."

**ટીકા—**

આ બાબતમાં ના. આગાખાન સાહેબ જે હીન્દી બરાબર જાણતા નથી. એટલે હીન્દી (કહેતા જંગલી)(એટલે)

( ખરી હકીકત છુપાવીને બનાવટી વાત રજુ કરનાર હોય )તેની વાત જાહેરી માટે બરાબર જાણતો નથી. એમ તાનું માર્યું છે. અને તે સાથે શરીફભાઇએ જે અગાઉ ઇમામના સવાલની બાબતમાં કહયું હતું કે. **"આપે કહ્યું તેમાં મને કાંઈ સમજ પડી નહી."** તેનો જવાબ આ સવાલમાં શરીફભાઈના ડહાપણનું ગુમાન ઉતારવા કહયું કે, તમો ફારસી, અરબી, ફ્રેન્ચ બોલી જાણતા હો, તો સમજ પડે. પણ આ બાબતના જવાબમાં શરીફભાઈ પોતે કેવા આલેમ હતા, અને સવાલ પુછવાની કેવી ગુંજાયશ ધરાવતા હતા તે ખુલ્લું થાય તેવું કહ્યુ,કે "હું ફારસી, અરબી, અંગ્રેજી, ફ્રાન્સીસ જાણતો નથી." અને આવા માત્ર ગુજરાતી કે ઉરદુ સાદું જાણનાર, ઇમામતના સવાલો તથા **અલી** ખુદા છે કે નહી. તેવા મહાન ઇલ્મના વિષયો જાણવાનો ઢોંગ કરે, અથવા ડહાપણ ડોળીયા થાય. તેને તેના ખરા આકારમાં ઓળખવાને કારણ થવા અથવા ભવિષ્યમાં જેઓ એહલે બઇયતની રોશની માં વખતની પીછાણ કરનારા છે. તેમની પાસે તેમનો તોલ થાય, તેટલા માટે તેઓના સવાલોના જવાબોમાં એક હીકમત ભરેલી છે. જે ઇલ્મ નહી રાખનાર અને ખરા ઇસમાઇલી નહી હોય, તેને દેખાવી મુશકેલ છે. અને એવાજ હીકમત ભરેલા વચનોમાં તે પછી ફરમાવ્યું

કે, " તમો તમારા ખોટા દુરાગ્રહ ભર્યા એતેકાદના લીધે મારા સાથે સીધી વાત કરવાને લાયક નથી. તેમ તમો કબુલ કરોછો. તો પછી તમો હીન્દીમાં તમારી અજ્ઞાનતા હાશમભાઇને કહો, તે તરજુમો કરી ફારસીમાં એટલે સમજ ભરી રીતે મને પુછશે "

આ ઉપરથી હાશમભાઇએ તરજુમો કરી સમજ પાડી ત્રાહિત તરીકે સમજનારને અજાયબી પમાડયા વગર રહેશે નહી. કે ઇમામતનો દાવો કરનાર ના૦ આંગાખાન સાહેબે કેવી સહેલાઇથી શરીફ ભાઇની મુશ્કેલ સ્થીતીને ઠેકાણે આણી અને સાફ જણાવ્યું કેઃ—

" તમો બે વકુફ છો. મેં તમોને તેનો જવા-
"બ પ્રથમ આપ્યો, પણ તમો સમજ્યા નહી. ખેર
"ઈમામ જાફર સાદીકના બે ફરજંદ છે. એક ઈસમાઇલ
"તથા બીજો મુસા. હવે મુસાના ફરજંદ તે ઇસમાઈલના
"શું સગા થાય? "

શરીફભાઇએ કહ્યું કે,–**પિત્રાઈ ભાઇ થાય.**

આ સવાલનો જવાબ શરીફભાઇના મોઢેથી કરાવવાનો હેતુ એ દેખાય છે, કે એ પિત્રાઈ ભાઇ તરીકેનીજ ગણાત્રી સિવાય ઇમામના દરજ્જા વિષે શરીફ ભાઈ કાંઇપણ જાણતા ન હતા, એમ દેખાડવાનું હોવું જોઇએ. અને તેથી શરીફભાઇના જવાબને તેના શબ્દો-

માં ના૦ આગાખાન સાહેબે સમજાવ્યું કે "તમો એટ-
"લું પણ સમજતા નથી, કે તે અમારા ભાયાત થાય.
"આ બાબતમાં અમારે તેને યાદ કરવા જોઇએ. શું અમો
"તમારા ખોજા સારૂ તેને યાદ ન કરીએ? અને ન યાદ
"કરીએ તો તે શા માટે ?"

આ જવાબમાં શરીફભાઇ જો સમજ્યા હોત, તો પોતે સવાલ પૂછવાની કરેલી દંભી હિમતને જાહેરમાં લાવતે પણ નહિ. ઇનામતની દલીલો સમજવા માટે, એ બહાને કાંઇપણ નજાતનું કારણ થાય, એવા મહાન ઉદાર હેતુ વડે બહાર આવવા પામી છે, તે શું છે? કે શરીફભાઇને ઇમામતનો સવાલ અગાઉ ફરમાવી ચૂક્યા પછી, શરીફભાઇ ન સમજ્યા તો પછી એમને સમજવા લાયક ઈ મુદ્દો ન હતો, એમ બતાવવા શરીફ ભાઇને ગમતા જવાબમાં હિકમતથી ફરમાવ્યું કે "અ-
"મારે અમારા ભાયાતને યાદ કરવા જોઇએ." એટલે શબે કદરના અમાલમાં પંજેતનનાંજ નામો લેવાય છે, તે સાચું છે. બીજું જે ઇસ્નાઅશરી મત પસંદ કર્તાઓ જાફર સાદીક પછીનાં નામો લે છે, તે દશ વખત એકએક નામ બોલવા છતાં તેમાં ઈમામનાં નામથી કોઇ-ને પોકારવામાં આવતા નથી અને ઇસ્નાઅશરી મતની વગર ઇલમની ગણત્રી માત્ર નામો લેવા પુરતી છે. નહિ કે, ઈમામનાં નામો લેવા પૂરતી. કારણ કે ઈમા-

મ જાફર સાદીકના પછીનાં નામો બેમુસાઅનેજાફર એમ કહે છે. પણ બેઈમામમુસાઅનેજાફર એવી રૂઢીથી નહિ કહેતા હોવાથી, ફક્ત રમુજમાં ફરમાવ્યું કે " તમારા ખોજા સારૂ અમારા ભાયાતને યાદ "ન કરીએ ? " અને તે પછી શરીફભાઈ અથવા હર કોઇ ઇમાનદારને ખ્યાલ આવે, એવા હિકમત ભર્યા શબ્દોમાં જે ફરમાવ્યું છે, તે ખોજા કોમને જીગરમાં જડી રાખી હિદાયત મેળવવા જેવું છે, તે એ કે "અ- "મે ન યાદ કરીએ તો તે શા માટે ? " આનો જવાબ દરેક વિચારવંત ઇમાનદાર સમજે એવો એ છે કે, "તેઓ ઇમામ ન હોવાથી." ત્યારપછીનો સવાલ સલેમાન વાલજીએ પોતાના આગલા સવાલોના જવાબો તથા શરીફભાઇએ કરેલા સવાલોના જવાબો સાંભળી ના૦ આગાખાન સાહેબના ઇમામતના પુર ઇલ્મથી ભરેલા કલામથી આજેઝ થયા છતાં, પકડી રાખેલી જહાલતના મુદ્દા તરીકે મોઝીઝો દેખાડવાની માંગણી કીધી, કારણકે ઇમામના કલામ આગળ ઇન્સાનના કલામ દબાઇ જાય છે અને ઇમામના કલામ હમેશા બુલંદી ઉપર હોય છે. તેનો આ ત્રણે સાહેબોના પ્રત્યક્ષ વિરોધીનાં મુખમાંથી ખએરના શબ્દો જામીનગીરી તરીકે નીકળ્યા છે.

મોઝીઝો જોઇને ઇમાન લાવવું એ એક જહાલતનો હિસાબ છે. જનાબ રસુલે ખુદાના જમાનામાં

આવા મોઝીઝા માંગવાના અનેક પ્રસંગો ઉભા થયા હતા, પણ તે દરેક વખતે જનાબ રસુલે ખુદાએ મોઝીઝો જોવાની માંગણીને બને એટલી સમજાવટથી રોકયા છે, છતાં જ્યારે બહુજ તમન્ના ભરી માંગણી થતી, ત્યારે પણ તે ખુદાના મહાનપણાં અને ઇચ્છા ઉપર ભરુસો રાખીનેજ મોઝીઝા માટે પ્રસંગ પાડવા દિલ દોરાવ્યું છે. કારણકે મોઝીઝા જોઇને ઇમાન લાવનારનાં ઇમાનની કિમત; તે સમજીને ઇમાન લાવનાર આગળ લેશ પણ હોતી નથી અને જનાબ રસુલે ખુદા સ૦ અ૦ વસ્સલમની રહેમતુલલિલ આલમીનના હિસાબે એજ ભલી ગણત્રી હતી કે, લોકો ઇસ્લામને, ખુદાને, અને રસુલ તથા ઇમામને, મોઝીઝાથી નહિ પણ ઇલ્મથી સમજો! કે જે સમજવાની અને ખરો લાભ પ્રાપ્ત થવાની સાચી હિદાયત છે. આ સુલેમાનભાઈ વાલજીના સવાલના જવાબમાં એજ સિફ્ફત ના૦ આગાખાન સાહેબે બતાવીને અહેલે બૈત રસુલની પ્રતક્ષ નિશાની બતાવીછે; પરંતુ જેઓ કુરઆન અને તવારીખથી અજાણ્યા અને દોરવાઇ આડે રસ્તે ગયેલા છે, તેઓ તેનો ખોટો અર્થ ન ઉઠાવે, એટલા માટે મોજીઝાના સંબંધમાં આ નીચે કેટલુંક વીવેચન ઉતારી લઇએ છીએ.

અબુ સોફીઆન.—વલીદ ઓતબા, અબુ જેહલ—જેવાઓની મોઝીઝાની માંગણીઓ માટે કુરઆને મજી-

દની સુરે અનઆમની આયાતોમાં છે કે,
**[મોઝીઝા માટે અલાહુ શું કહેછે? તે સાંભળો.]**

**નંબર પહેલો**—અને તેઓમાંના કેટલાક તારા તરફ કાન ધરે છે. (એટલે તારી વાતો સાંભળે છે.) અને અમે તેઓના અંતઃકરણ ઉપર પડદો નાંખ્યો છે. કે જેથી તેઓ સમજી શકે નહી. અને તેઓના કાનમાં વજન મુક્યું છે. (તેઓ સાંભળતા નથી.) અને જે તેઓ દરેક નિશાની (ચમત્કાર) જુએ, તો પણ તેની ઉપર તેઓ ઇમાન લાવશે નહી. એટલે સુધી કે જ્યારે તેઓ તારી પાસે આવે છે. ત્યારે તારી સાથે તકરાર કરે છે. જેઓ કાફર થયા છે, તેઓ કહે છે કે આતો માત્ર પ્રાચીન વખતની વાર્તાઓ સિવાય બીજું કંઇ નથી.

*__નંબર બીજો__—કોરેશે હજરત પેગંબર પાસે માંગણી કરી કે, "અમને ચમત્કારો બતાવો, તો અમે તમને માનીએ." તેઓ ઇમાન લાવશે એ વિચારથી હજરત તેઓની ઇચ્છા પ્રમાણે તેઓને ચમત્કારો બતાવવાને આતુર હતા, પણ ખુદાએ તેને કહ્યું કે "જે ચમત્કારો તારી પાસે તે કાફરો માગે છે, તેજ ચમત્કારો તેઓને દેખાડવામાં આવે તો પણ તેઓ માનશે નહિ."

---

*(સુરે અનઆમ આયત (૩૫) નું ટીપણ પ્રો. ઇરફાની)

**નંબર ત્રીજો**—સુરે અનઆમ આયાત (૩૬) મીમાં છે કે "અને તેઓએ કહ્યું કે શા માટે તે (પેગંબર) ના ઉપર તેના પરવરદીગાર તરફથી એક ચમત્કાર નીચે મોકલવામાં આવ્યો નથી ? કહે કે ખરેખર ખુદા શકિતમાન છે કે તે એક ચમત્કાર નીચે મોકલે. પણ તેઓમાંના ઘણાખરા જાણતા નથી."

**નંબર ચોથો—**

(સુરે બકર આયાત ૧૦૮–૧૦૯)

"શું તમે એમ ઇચ્છો છો કે તમે તમારા પેગંબરને સવાલ પુછવામાં આવ્યા હતા ? અને જેણે ઇમાનને કાફરપણાં સાથે બદલ્યું છે, તે બેશક સીધે રસ્તેથી આડો ગયો છે." ( ૧૦૮ )

**નંબર પાંચમો—**

"કેતાબના લોકોમાંના ઘણા એવું ઇચ્છે છે કે, તેઓ તમને તમારાં ઇમાન પછી પાછા કાફર બનાવી દે ( એમ કરવાનો ) તેઓને સત્ય જાહેર થયા પછી. તેઓની પોતાની અદેખાઇ છે, માટે તમે માફ કરો અને દરગુજર કરો. જ્યાં સુધી કે ખુદા પોતાનો હુકમ લાવે. ખરેખર ખુદા સર્વ શકિતમાન છે." ( ૧૦૯ )

**નંબર છઠો—**

"અને અમને ચમત્કારો મોકલવામાંથી આ કારણ સિવાય બીજું કાંઇ અટકાવતું નથી કે, આગલા

જમાનાના લોકોએ તેને જુઠા કહ્યા હતા અને અમે સમુદને જાહેરી સાંઢણી આપી, પછી તેઓ તેની સાથે ઝુલમથી વર્ત્યા. અને ત્રાસ બેસાડવા સિવાય બીજાં કોઈ કારણને માટે અમે અમારા ચમત્કારો મોકલતા નથી."

મોઝીઝાની માંગણીની બાબતમાં નાo **આગાખાન** સાહેબે ઈમામ તરીકે આપેલ જવાબ કુરઆને શરીફ સાથે કેવી રીતનો ખરો સંબંધ ધરાવે છે. તે સમજવાને **ખુદા બચ્ચાઓને હીદાયત બક્ષે !**

ઉપરના મોઝીઝાની બાબતમાં કુરઆને શરીફનાં દાખલાથી બતાવી આપ્યા પછી સમજાવવું સહેલું છે કે, સુલેમાન વાલજીની મોઝીઝો માગવાની બાબત ઇમાનદારીની શાનથી વેગળી છે. છતાં તે બાબતમાં સવાલ જવાબને તપાસીશું, જેથી તે બાબતનો પણ આગલા સવાલ જવાબ માફક ફેસલો થઈ જાય.

**સુલેમાન વાલજી**–આપ ઇમામ છો તો અમોને મોઝીઝો દેખાડો અને તે પણ ફકત એકજ.

**આગા સાહેબ**–મોઝીઝા તો રસુલ દેખાડતા, હું કાંઈ રસુલ નથી.

આ જવાબની ખરી સ્થીતી ઇસ્માઇલીઓજ તરત સમજી શકશે કારણકે, **પીર** અને **ઈમામ** એ બે જોમાં

એકજ નુરથી પેગંબર અને ઇમામ માફક, હોય છે. **અને ઈમામનો** દરજ્જો પીર કરતાં એટલા માટે મોટો હોય છે કે, ઇમામ તખ્તનશીન નસલ બનસલ હોવાથી **શાહ** કહેવાય છે, ત્યારે **પીર** તેમના વજીર કહેવાય છે. પરંતુ જ્યારે એકજ જોમામાં એક નુર હોય છે. કે જેમ હાલના નામદાર આગાખાનમાં છે. ત્યારે જે વખતે પોતે હીદાયત કરતા હોય છે, ત્યારે નમ્રતા સાથે ની સ્થીતિ પીરના જોમાની ધારણ કરેલી હોય છે. અને ઉપરનાં સવાલો સુધી એજ પીરના જોમાથી હીદાયત થતી હતી, પણ ત્યાર પછીનાં સવાલમાં સુલેમાનભાઇએ જ્યારે સવાલ પુછ્યો છે કે, **જમાતમાં કીસ્સો પડાય છે તેમાં પણ લખે છે કે,—**

" ઈમામ જાફર સાદીકે ઘણાં મોઝીજા દેખાડેલ છે." આ સવાલમાં **ઈમામ**નાં સવાલથી ના૦ આગા સાહેબના જવાબવાળી–બાબત **ઈમામ**ના જોમાની છે. કે "ખુદા કુરાનમાં ફરમાવે છે, કે મેં જન્નત તથા "જહન્નમ પેદા કીધી છે અને તે ભરાશે. તો હું "અગર મોઝીઝા બતાવું, તો સરવે ઇમાન લાવે, સઘળા "જન્નતમાં જાય અને જહન્નમ ખાલી રહે તો ખુદાનો "કોલ ખોટો પડે."

આ જવાબનાં ઉપર ગંભીરાઇથી વિચાર કરનારને ખુલ્લું સમજાશે કે, નાં૦ આગાખાને કુરઆનની રજુ કરેલી વિગત, કેવી ટુંકમાં ઉમદા હિદાયત કરનારી છે, અને જહન્નમના અધિકારી તરીકે તેમના વિરૂદ્ધ ખ્યાલ કરનારને ગણનારી છે ! ને જોઝીઓ નહિ દેખાડી ધરતનાર નહિ બનાવવાની તેમની ઇચ્છાને, ખુદાના હુકમ મુજબ બતાવી છે ! ! અને આ જવાબમાં નામદાર આગાખાનની ઇમામતની શાન કુરઆને શરીફનાં ગાઢ-વેલાં રહસ્યથી ઝળકી નીકળે છે અને કલામની ખુબસુરતી ની સિફત મળેલા મુશ્કીલ કુવા સમાન રજુ થાય છે, કે હિદાયત ઇચ્છનારને ખુદા આપે તો થાય છે. પણ સુલેમાન વાલજી ઉપરના જવાબ પછી પણ કેવી અજા-નતા ભરી કરી રાખેલા સવાલથી બતાવે છે, તે જુઓ !

સુલેમાન વાલજી — આ લોકો આપને ખુદા કહે છે, તેનું કેમ ?

આ સવાલ ઉપરથી સુલેમાનભાઇની ઇમાનદારી કેવી હતી તે દેખાય છે કે, એક તો પોતે ,પોતા માટે પુછતા નથી, તેમ પોતે પસંદ નથી કરતા તે પુછે છે તેવા અંતરગી સવાલનો જવાબ પણ ઇમામ પાસેથી તેના સવાલનાં રૂપમાંજ ઇમાન દેખાડનારો અને વાજ-બી હોય છે, જેમકે હકીમ પાસે કોઇ દરદી ન છતાં, ખાસ અને બીજો દરદી તેની દવા ખાતો હોય ને તેનાથી

લાભ લેતો હોય અને તેની અપુર્વ તારીફ કરે, તે તારીફની જાત, દરદી ન હોય તેજેમ પોતાનાં નીમ હકીમપણામાં હકીમથી ડહાપણ ડોળે કે,"ફલાણો તમારી તારીફ કરેછે," તો હકીમ હીકમતની રુએ તેને પનાવવા કહે, કે "તે મારી તારીફ કરી મનેજ બુઝુર્ગ સમજે છે, તે ઝખ મારે છે," એમ કીધાથી તે જવાબમાં શું હીકમત છે, તે જેમ નીમ હકીમ પોતાની અજ્ઞાનતા તથા હસદના લીધે જાણી શકતો નથી, તેવીજ રીતે ના૦ આગા સાહેબ ઇમામે વકતનાં જવાબમાં તેવીજ હીકમત સમાયેલી છે. અને તેથી જવાબમાં કહ્યુંછે કે, **તેઓ નરક ખાય છે!** મતલબ કે–તેના કહેવા સાથે તને કાંઇ વાસ્તો નથી. તું એમજ સમજ કે, તારી ઇમાનદારીનાં હીસાબે તેઓ નરક ખાય છે. કારણ કે તારી નજરમાં તે સારૂ નહી હોવાથી તું સવાલ પુછે છે, ત્યારે તું તારી બહેતરી માટે સવાલ પુછ અને હીદાયત મેળવ. આ જવાબમાં પણ આ હિસાબે હીદાયત તરફ વાળવાનો ઇશારો કીધો છે. છતાં–ઈમામના જવાબની ગણત્રી ત્યાર પછી નાં સવાલમાં આબાદ આવીને ઉભી રહી છે કે,

**સુલેમાન વાલજી**—આ લોકો નિમાજ પડતો નથી તેનું કેમ ?

**નામદાર આગા સાહેબ**—તેમના આમાલો તેમના શીર છે.

આ જવાબમાં આગલા સવાલનો હેતુ સમાઈ જાય છે. અને ખુલ્લું સમજાવે છે, કે તું પારકી પંચાતી શા માટે કરેછે ? કારણકે **અમલે અમલ સાલેહ** દરેકના માટે છે.

આટલી સ્પષ્ટતા પછી પણ કોળીભાઈનું ઉંહુ નહીં મુકતાં, નાનો **મોઝીઝો** દેખાડવા માગણી ફરી કીધી અને " **તો બધી ખાત્રી થાય** " એટલું કહી આગલા બધા સવાલના જવાબોથી થયેલ આજીઝપણું સિદ્ધ કરયું છે, અને તેના આઝીઝપણાથી આગા સાહેબે "આજથી બે વરસે મોઝીઝો દેખાડીશ ત્યારે તમો ખાત્રી "કરી લેજો " એમ ફરમાવ્યું છે. અને તે હિસાબે બે વરસ પછી તેની કેવી ગતી થઈ ! તે આજ બારમે વરસ પણ કંઈ નથી જણાવ્યું. તે સાબેત કરે છે કે, સવાલ પુછનાર જરૂર તેના એતેકાદના ફેઝે પહોંચ્યો હોવો જુવે. એજ વસ્સલામ.



# ઈસમાઇલી ચાબુક ન. ૩ જો

# કાબાનું ઠેકાણે આવેલુ ભેજુ.

આ નાનકડાં પુસ્તકમાં નુરે હિદાયત માસિકમાં

**ઈમામ કેવા જોઇએ ?**

એ મથાળાં નીચે મી૦ કાબાએ વિવેચન કર્યું છે, તે બાબતમાં ઈસમાઇલીયા દીનનાં મોહકમ સિદ્ધાંતોની ઝળકતી રોશનીનું દર્શન કરાવ્યું છે. એક ગએબ ઈમામની ઈસ્લામ, કુરઆન અને હદીસ વિરૂદ્ધની માનીનતાનું અસરકારક અને સમજ પડે તેવી રીતે ખંડન કરેલું છે અને હાજર ઇમામની સ્થાપના સિદ્ધ થવાની અપુર્વ દલીલો હકિકતી ઈસ્લામના મુદ્દાઓથી સ્પષ્ટ કરી છે.

કિમત એક આનો.

લખો—ધિ ઇસમાઇલી સાહિત્ય ઉત્તેજક મંડળ
ના સેક્રેટરી જાફરભાઇ શેરમહુમદ,
નીશાનપાડા રોડ મુંબઇ-૯.

* ઇસ્નાઅશરીયોને પોતાનું નામ ઠેકાણું મોકલાવવાથી મફત મોકલાવવામાં આવશે.

# શરીયતીને શિક્ષા !

## હકિકતી હૃદયના ઉદ્દગાર !

અનવર કાવ્યમાંથી.

ઝાહદા પરહેજ તકવા હકને તુજકો તો દીયા,
મુજકો બહારે બેખુદીમેં ઈશ્કને હે ડુબો દીયા.
નાસહા મુજકો નસીહત કર ચુકે બસ ચુપ રહો,
અકલકા દફતર શરાબે ઈશ્કસેં મેં ધો દીયા.
મા સેવલ્લા દિલસેં અપને દુર કર બેઠા મેં.
તુખ્મ ઈશ્ક અલ્લાહકા મેં દિલમેં અપને બો દીયા.
મોલવી સાહેબ કીતાબેં પઢકે ક્યા પાયા તુમે ?
ઈલ્મ વ્હો સીખો ખુદાને આરફુંકો જો દીયા.
ઈલ્મ એક નુકતા હે સીખો "પીરસે" તુમ ઉસકા ભેદ,
ઈલ્મ ઝાહેર હે હીજાબ અકબર યે તુમકો સો દીયા.

'લા' હૈ-ક્યા ઔર ક્યા 'ઈલા' હૈ ઔર હૈ 'ઈલ્લલ્લાહ'
ભેદ ઊસકા ખોલદો જો ઈલ્મ હકને હૈ દીયા

"મન અરફ" કે ભીતને અરકાં ખોલદો મવલાનાં તુંમ
રાસ્ત ગોઈકા ઈલ્મ અલ્લાહને તુંમકો ગો દીયા

ઈલ્મ બાતનકો ન સીખા પીરસે અય બેનસીબ
ઈલ્મ ઝાહેરમેં તેં ગાફીલ ઊમર અપની ખો દી

કુંઝકે હર મસાઅલે પર ખુબ જ્યાદા શૌક
ગંજકો પાયા નહીં ઔર રંજ તું દિલકો દી

નહવમેંથી અકલ સહવ ઔર સરફમેં ઈસરાફ ઊમર,
ગહર જબ તક નહીં હુઆ શીર બનકે મુમરીફ રોદીયા.

નાહનો અકરબ પઢકે કયું ભુલા શીરે તું દર બ દર/
નહનો અકરબ ઐસા હૈ જયું ગુલકે તઈ ખુશબો દીયા.

છોડદે શીરકો દુઈ ઔર દેખ હર જા વજેહ યાર ?
હો મીસલ પરવાના આશક મેં નસીહત જો દીયા.

"અનવરે" સરમસ્ત અપનં પિયુંસે રંગ ખેલકર,
સરમેં પાતક બુદકો રંગ મારેફતમેં ભીગો દીયા.

* "લા ઈલા ઈલલ્લાહ" નો હકિકતી અર્થ સ
મજવા મંગાવો "કશ્મતલ ઈસરાર" કિમત રૂ૦ ૦।


છ૦—ચિ ખોજા સિંધી પ્રીન્ટીંગ પ્રેસ, ૧૧૩ પાલવ
મહોલા મુંબઈ—૯.